મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૨ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ધર્મસભામાં રામમંદિરના શપથ લેવાયા

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શહેરના કુડાસણ ખાતે વિરાટ ધર્મસભા યોજાઈ, હજ્જારો રામભકતો હાજર રહ્યા

ગાંધીનગર, તા.૨

નરેન્દ્ર મોદી અમારો હનુમાન છે, તેને લંકા મોકલી રહ્યા છે. તે ભારતની સંસ્કૃતિ, સંસ્કાર અને શાંતિનું રક્ષણ કરશે. જનસંઘ, આરઆરએસ એ વીએચપીની સાથે જ છે. જયારથી ૧૪૦૦ મુસલમાનો ને લઈ બાબર ભારતમાં આવ્યો ત્યારથી આ લડત ચાલુ છે અને ઈતિહાસ આગળ વધ્યો છે. અયોધ્યામાં રામમંદિર બનાવવાનો સંકલ્પ કરો. રામ મંદિર માટે હું ૧૦૦૦ રામભકતો સાથે અયોધ્યા ધજા લઈને જવાનો છું. જયારે ભાજપ તરફી ઈશારો કરતા આચાર્ય મહામંડલેશ્વર રાજગુરુ સ્વામી વિશોકાનંદ ભારતીજી સ્વામીજીએ ફરીથી અવસર આપજો તેઓને પણ સંકટ અને સંવિધાન નડતા હોય છે તેમ આજે ગાંધીનગર કુડાસણ ખાતે યોજાયેલી વિરાટ ધર્મસભામાં રામભકતોને સંબોધતા કહ્યું હતું. આ વિરાટ ધર્મસભામાં મોટી સંખ્યામાં જિલ્લાભરમાંથી રામભકતો હાજર રહ્યા હતા. જયારે જયશ્રી રામના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર દ્વારા રામજન્મ ભુમિ મંદિર નિર્માણ માટે શહેરના કુડાસણ સરદાર ચોક ખાતે બપોરે ૪ કલાકે વિરાટ ધર્મસભા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સાધુસંતો હાજર રહ્યા હતા.જયારે વિરાટ ધર્મસભાના મુખ્ય વકતા ગોપાલજી ભટ્ટે રામભકતોને સંબોધતા કહ્યું હતું કે ભગવાન રામ ભારતના આરાધ્ય દેવ છે. દરેક શહેર ગામમાં તેમના મંદિર આવેલા છે. અયોધ્યામાં રામ મંદિર માટે ૧૯૮૪ માં આંદોલન થયું તેમા ભાગ લેનારા રામભકતો આજે પણ અહીં હાજર છે. ગુજરાતની પુણ્ય ભુમિને નમન કરું છે. સરદાર વલ્લભભાઈ પટેલની ભુમિ છે. જે મંદિરને ગજનીએ તોડ્યું હતું તે મંદિરનો જીણોધ્ધાર સરદાર પટેલે કર્યો હતો. નહેરુ પરિવારના કારણે મંદિર નથી બની શક્યું તે દુઃખદ બાબત છે. ૨૬ વર્ષથી રામલલ્લા ટેન્ટમાં રહે છે અને ભારતવાસીઓ મહેલો, બંગલાઓમાં રહે છે. અયોધ્યામાં ભગવાન રામના દર્શન પણ એક કિલોમીટર લાંબી લાઈનમાં ઉભા રહીને તેમજ લોખંડી બંદોબસ્ત અને સલામતીમાંથી પસાર થઈ ને કરવા પડે છે. રામ જન્મના સ્થળે રામ મંદિર બનવુ જ જોઈએ. જયારે ૧૯૫૦ થી કેસ ચાલે છે. ૬૮ વર્ષ થયા છે હવે કેટલી રાહ જોવાની હિન્દુઓના ધીરજની પરિક્ષા ના કરશો. વિશ્વ હિન્દુ પરિષદને કોઈ રાજકીય પાર્ટીઓથી લેવા દેવા નથી. ૩૦૦૦ હજાર રામભકત શહીદ થયા છે. ત્યારે અયોધ્યામાં રામમંદિર તો ભવ્ય બનવું જ જોઈએ તે માટે રામભકતોને હાંકલ કરી હતી. ત્યારે રામમંદિરનું આંદોલન ૧૫૨૮ થી ચાલે છે તેમજ ૧૯૫૦ થી કેસ દાખલ થયો છે. જયારે ૪ લાખથી વધુ શહીદી વ્હોરી છે. જયારે બાબરની મસ્જિદ દેશમાં કયાંય નહી તેવો દ્રઢ મત સંતોએ વ્યકત કર્યો હતો. દેશની સૌથી મોટી અદાલતમાં કેટલાક કેસ માટે મોડીરાત સુધી ચાલે છે પરંતુ હિન્દુ સમાજની શ્રધ્ધા કેન્દ્ર થી રામજન્મભુમિ પ્રાથમિકતા ન નથી. જય શ્રી રામના નારાથી સમગ્ર મેદાન ગુંજી ઉઠ્યું હતું. જયારે સંતગણ અને આગેવાનોએ અયોધ્યામાં રામમંદિર માટે હાંકલ કરી હતી. ગાંધીનગર શહેરના કુડાસણ વિસ્તારમાં આયોજીત વિરાટ ધર્મસભામાં મોટી સંખ્યામાં રામભકતો હાજર રહ્યા હતા. સાધુસંતોનું વાજતે ગાજતે સ્વાગત કરાયું હતું. તો બીજી તરફ શહેરમાં બાઈક રેલી અને સાયકલ રેલી યોજાઈ હતી જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. જયારે મહિલાઓએ કળશ યાત્રા નીકાળી હતી. જયારે ગાંધીનગર જિલ્લા વીએચપી અને બજરંગદળના કાર્યકરોએ સભાને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

ચિલોડા માર્કેટયાર્ડ ખાતે નવચંડી મહાયજ્ઞ યોજાયો

ચિલોડા, તા.૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ખેતી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે એ.પી.એમ.સી. ગાંધીનગર બોર્ડ ઓફ ડીરેકટરો અને વેપારી એસોસિએશન ચિલોડા માર્કેટ યાર્ડના સંયુકત ઉપક્રમે નવચંડી મહાયજ્ઞનું ધાર્મિક ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યજ્ઞના આચાર્ય શાસ્ત્રી સમીરકુમાર બી. જોષી દ્વારા નવચંડી મહાયજ્ઞમાં શાસ્ત્રોકત ધાર્મિક વિધિ પ્રમાણે યજ્ઞપ્રારંભ, શ્રીફળ હોમવા વગેરે પ્રાસંગિક સાથે યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. આ પ્રસંગે જિલ્લામાંથી સહકારી ક્ષેત્રે સંકળાયેલા આગેવાનો હિતેચ્છુ, શુભેચ્છકો સહિત ઉપસ્થિત રહી યજ્ઞનો લાભ લઈ મહાપ્રસાદ સાથે ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે એ.પી.એમ.સી. ચેરમેન વાઈસ ચેરમેન, બોર્ડ ઓફ ડિરેકટરો, વેપારી એસોસિએશન, અગ્રણી ખેડૂતો મંડળીઓના ચેરમેન, વાઈસ ચેરમેનો વ્યવસ્થાપક કમિટી, સભ્યો, ગ્રામ પંચાયતોના સરપંચો, સભ્યો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સે-૨૬ સ્થિત કોસમોસ મેનપાવર કંપનીના સાયબર ફ્રોડનો ભેદ ઉકેલાયો

કંપનીના એસ.બી.આઈના કરંટ એકાઉન્ટમાંથી એક પણ ઓટીપી મેસેજ આવ્યા વિના રૂ.૪.૪૪ લાખ ઉપડી ગયા હતા : ગાંધીનગર સાયબર કાઈમ બ્રાંચે ગુનાનો ભેદ ઉકેલ્યો : કંપનીના પુર્વ કર્મચારીએ ઉત્તરપ્રદેશના સાગરીત સાથે મળીને કાંડ કર્યો હોવાનુ ખુલ્યુ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સેક્ટર-૨૬ સ્થિત કોસમોસ મેનપાવર કંપનીના એસબીઆઇના કરંટ એકાઉન્ટમાંથી રૂ.૪.૪૪ લાખના ટુકડે-ટુકડે ૧૬ ટ્રાન્જેક્શન થઈ ગયા હતા અને નવાઈની વાત તો એ હતી કે એક પણ ટ્રાન્જેક્શન માટે બેંક દ્વારા ખાતેદારને કોઈ ઓટીપી પણ મોકલવામાં આવ્યો ન હતો. આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. ગાંધીનગર સાયબર ક્રાઈમ બ્રાંચે આ ગુનાનો ભેદ ઉકેલી કોસમોસ કંપનીના જ એક પુર્વ કર્મચારીને દબોચી લીધો છે. કંપનીમા પહેલા આઈ.ટી એકઝયુક્યુટીવ તરીકે નોકરી કરતા શખ્સે યુ.પીના સુત્રધાર સાથે મળીને આ ગુનો આચર્યો હોવાની કબુલાત કરી લીધી છે.

મળતી માહિતી મુજબ સે.૨૬ ખાતે આવેલા કોસમોસ ગ્રુપના મેનેજરે થોડા મહિનાઓ પહેલા સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં તેમની કંપની સાથે થયેલી ડીજીટલ છેતરપીંડી મામલે ફરિયાદ આપી હતી. તેમની કંપનીનુ કોસમોસ મેન પાવર પ્રાઇવેટ લિમિટેડ નામનું એસબીઆઈમાં કરંટ એકાઉન્ટ છે. આ ખાતામાંથી ૬ જૂને એક સાથે આઠ ટ્રાન્જેક્શન થઈ ગયા હતા જેમાંથી એક પણ ટ્રાન્જેક્શન ઓટીપી કંપનીને કે ખાતેદારને મળ્યા ન હતા. આઠમાંથી એક જ ટ્રાન્જેક્શન નો મેસેજ ખાતેદારને મળ્યો હતો જે મેસેજ જોઈને કંપનીના મેનેજર એસબીઆઇ બેન્કમાં પહોંચી ગયા હતા અને અજાણ્યા વ્યકિતઓએ તેમના ખાતામાંથી રૂપિયા ઉપાડ્યા હોવાની વાત કરી ટ્રાન્જેક્શન રદ કરવા કે અન્ય પગલાં લેવા સૂચન કર્યું હતું પરંતુ બેંકમાં કોઈ સાંભળવાવાળું જ ન હતું. આ ૮ ટ્રાન્જેક્શનમાં રૂ.૩,૩૦,૬૦૦ ઉપડી ગયા હતા. આ ઊપડેલા રૂપિયા ક્યાં ટ્રાન્સફર થયા તે અંગે તપાસ કરતાં અન્ય ક્યાંય નહીં

પરંતુ લખનૌના ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ ટેક્સ સરકારી વિભાગમાં જ ટ્રાન્સફર થયા હોવાનું જાણવા મળ્યું હતુ. કંપનીના ખાતામાંથી બરોબર કોઈ ટ્રકોના ટેકસ ભરાઈ ગયા હોવાનું ખુલ્યું હતુ. આ જ કંપની ના બેંક એકાઉન્ટમાંથી અગાઉ જાન્યુઆરી મહિનામાં પણ આવી જ રીતે આ ટ્રાન્જેક્શન થઈ ગયા હતા અને રૂ.૧,૧૩,૮૩૦ ટ્રાન્સફર થઈ ગયા હતા. કંપની સાથે તબક્કાવાર રૂ.૪,૪૪,૪૩૦ ઉપડી ગયા અને ડિજિટલ છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવતા ફરિયાદ થઈ હતી. સમગ્ર પ્રકરણની તપાસ સાઈબર ક્રાઈમ બ્રાન્ચે શરૂ કરી હતી દરમિયાન સાઈબર ક્રાઈમ બ્રાંચના પી.આઇ એસ.એન.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ ડી.ડી.રહેવર તથા તેમની ટીમે આ પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરીને ટેકનીકલ એનાલીસીસ શરૂ કર્યું હતું. ગુજરાતનું ગાંધીનગર અને ઉત્તરપ્રદેશના સૂત્રધારોનું કનેક્શન હોવાનું જાણવા મળ્યું હતું. ઊંડી તપાસ કરતા કોસમોસ કંપનીનો જ જૂનો એક કર્મચારી આઈ.ટી એક્ઝિક્યુટિવ સંજય મહેન્દ્ર પટેલ (રહે. ગરબીચોક, ગોજારિયા, જી. મહેસાણા) હોવાનું બહાર આવ્યું છે. તેનો ઈન્ટ્રોગેશન કરતા કબૂલાત કરી છે કે તે આ કંપનીમાં જ્યારે અગાઉ નોકરી કરતો હતો ત્યારે કંપનીના યુઝર આઈડી અને પાસવર્ડ ની તેને જાણ હતી અને ત્યારબાદ તેણે મોબાઈલની વોટ્સએપ એપ્લિકેશનથી કોમ્પ્યુટર હેકર્સ ગ્રુપનો સંપર્ક કરી ઓટીપી બાયપાસ કરવાની પદ્ધતિ સમજી હતી. ઉત્તર પ્રદેશથી તેણે કોઈ અજાણ્યા હેકર નો વોટ્સએપ કોલ આવ્યો હતો અને તેના જણાવ્યા મુજબ આખી છેતરપિંડી આચરી હતી. સાઈબર ક્રાઈમ બ્રાંચે પૂર્વ કર્મચારી સંજય પટેલની ધરપકડ કરીને ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

પરિશ્રમથી પ્રતિભા વિકસાવી તેથી અનામતના સહારાની જરૂર ના પડી

ગાંધીનગરમાં વસતા શિડયુલ્ડ કાસ્ટના પરિવારે પરિશ્રમને પારસમણી કરી ઊંચા મેરિટના સહારે અનામતનો સહારો લીધા વગર જ સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પાટીદાર અનામત આંદોલન ચાલી રહ્યું છે. આજ રીતે મહારાષ્ટ્રમાં ચાલી રહેલા મરાઠા અનામત આંદોલનને પગલે મહારાષ્ટ્ર સરકારે મરાઠાઓને અનામતમાં સામેલ કર્યા છે. જેના કારણે હવે ગુજરાતમાં પણ પાટીદારોને અનામત મળવી જોઈએ તેવી માંગ વધુ બળવત્તર બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. આ સાથે કેટલીક અન્ય જ્ઞાતિઓમાં પણ અનામત માટે ધીમા અવાજે પણ ચણભણાટ શરુ થઈ રહ્યો છે. અનામત હોવી જોઈએ કે ના હોવી જોઈએ, કેટલી હોવી જોઈએ, કોનો સમાવેશ કરવો જોઈએ કેટલા પ્રમાણમાં કરવો જોઈએ તે બંધારણીય, કાયદાકીય અને સામાજિક રીતે જટીલ મુદ્દો છે પરંતુ સમાજમાં એવા અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે જેમાં અનામતનો લાભ મળવા છતાં વ્યકિત પોતાની કારકિર્દી ઘડી શકયા ના હોય તે જ રીતે એવા પણ અસંખ્ય ઉદાહરણો સમાજમાં મોજુદ છે જેમાં અનામત મળવાપાત્ર હોવા છતાં તેની સહાય વગર વ્યકિતએ પોતાની કારકિર્દી ઝળહળતી કરી હોય. આવું એક ઉદાહરણ ગાંધીનગરના પોલીસ ખાતામાં મોજુદ છે. જેમાં સમગ્ર પરિવારે પોતાની પ્રતિભા તથા મહેનતના જોરે નોંધપાત્ર સ્થાનો પર જગ્યા બનાવી છે.

વર્ષો પહેલા અમદાવાદમાં



હેમુભાઈ પરમાર ઉર્ફે હેમુભાઈ આસુન્દ્રા નામના એક શિડયુલ્ડ કાસ્ટના વ્યકિત છુટક મજુરી કરી તથા પેડલ રીક્ષા ચલાવી પરીવારનું ગુજરાત કરતા હતા. મૂળ પાલનપુર તાલુકાના અંતરિયાળ સામઢી ગામના વતની એવા હેમુભાઈ આસુન્દ્રાએ આ સાથે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો અને સખત મહેનતના પરિણામે તેમણે પોલીસ કોન્સ્ટેલની ભરતીમાં તેમણે એટલું ઊંચું મેરિટ પ્રાપ્ત કર્યું કે તેમને અનામત કવોટાના મળતા લાભની મદદ લીધા વગર જ નોકરી મેળવી લીધી. હેમુભાઈ પોતાની કારકિર્દી દરમિયાન શાહીબાગ અને કરાઈ ખાતેની પોલીસ એકેડેમીમાં નવી ભરતી પામેલા ઉમેદવારોને તાલીમ આપવાનું કાર્ય પણ કરી ચુકયા છે અને આજે ૫૧ વર્ષની વયે તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરનો હોદ્દો શોભાવી રહ્યા છે. ગાંધીનગરના સેકટર-૨૧માં 'ચ' ટાઈપ સરકારી આવાસમાં રહેતા હેમુભાઈ તથા તેમના પત્નિ રેખાબેને પોતાની બે દિકરીઓ અને બે દિકરાને પણ આ રીતે જ પોતાની મહેનતથી પ્રતિભા નિખારવાના સંસ્કાર આપ્યા છે જેના આધારે આ સંતાનોએ પણ અનામત કવોટાની મદદ વિના સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી છે.

હેમુભાઈ આસુન્દ્રાના સૌથી મોટા પુત્રી ચંદ્રિકાબેને બીએ પાસ કર્યા પછી જર્નાલિઝમ પણ કર્યું પરંતુ તેમના સાસરિયામાં શરૂઆતમાં નોકરી મેળવવા બાબતે વિખવાદ થતા તેઓ રિસાઈને પિયર આવી ગયા. જો કે તેમનું આ રિસાવું તેમના પરિવાર માટે ફળદાયી નિવડયું કેમ કે આ દરમિયાન તેમના ભાઈ હસમુખે પોલીસ સબ ઈન્સ્પેકટરની ભર્તીનું ફોર્મ ભરાવી દીધું જેમાં સખત પરિશ્રમના

સહારે ચંદ્રિકાબેને ઉંચા મેરિટ સાથે તમામ પરીક્ષાઓ પાસ કરી દીધી અને આજે તેઓ રાજકોટ ખાતે પીએસઆઈની જવાબદારી નિભાવી રહ્યા છે. ત્રીજા નંબરે હર્ષાબેને પોતાના ગ્રેજયુએશન સાથે જ પોલીસ લોકરક્ષકની ભર્તીની પરીક્ષા સાથે તમામ પ્રક્રિયા ઊંચા મેરિટ સાથે પ્રાપ્ત કરી લેતા તેમની પણ જનરલ કવોટામાં જ પસંદગી કરવામાં આવી અને આજે તેઓ અડાલજ પોલીસ સ્ટેશન ખાતે લોકરક્ષકની સેવા આપી રહ્યા છે. પાંચ વર્ષ સેવા આપનાર લોકરક્ષકને પોલીસ કોન્સ્ટેબલનો હોદ્દો મળે છે. હેમુભાઈ આસુન્દ્રાને તેમની ફરજ દરમિયાન બીપીએસના વડા પ્રમુખ સ્વામીની સુરક્ષામાં રહેવાનું આવ્યું હતું તે દરમિયાન સમગ્ર પરિવાર સત્સંગની પ્રવૃત્તિથી પ્રભાવિત થયો હતો જેમાં સૌથી વધુ સત્સંગનો રંગ ગયો હતો. નાનપણથી અભ્યાસમાં તેજસ્વી ગૌતમે ગાંધીનગરની શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં લગભગ દરેક ધોરણમાં ૯૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા હતા અને રાષ્ટ્રીય કક્ષાએ એઆઈઈઈઈની પરીક્ષામાં મેરિટમાં રેન્ક મેળવી સમગ્ર ગુજરાતમાં દ્વિતિય સ્થાને ગણાતી સુરતની એસવીએનાઆઈટીમાં એડમિશન લઈ મિકેનિકલ એન્જિનીયરીંગ કર્યું હતું અને એક વર્ષ ખાનગી કંપનીમાં નોકરી બાદ રેલ્વેની પરીક્ષા પાસ કરી સિનિયર સેકશન એન્જીનીયરમાં પસંદગી પામતા પોલીસની નોકરી સ્વીકારી નહોતી.

પરિવારમાં બીજા નંબરે અને સૌથી મોટા પુત્ર હસમુખ આસુન્દ્રાએ ૨૦૧૧માં સિવિલ સર્વિસ કમિશનની રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા પાસ કરી પીએસઆઈ તરીકે સીધી ભરતીમાં સ્થાન મેળવ્યું હતું. પરંતુ કેન્દ્ર સરકારીની આ નોકરીમાં તેમનું પોસ્ટીંગ એસએસબીમાં આસામ ખાતે થયું હતું તેથી તેમની માતાએ અણગમો દાખવતા આ નોકરી થોડા સમયમાં જ છોડી દીધી હતી. આ પછી તેમણે ગુજરાતમાં કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરી અને આજે સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહ્યા છે. ફરજ દરમિયાન તેમણે ચ-૦ના નાકા પોઈન્ટમાં બે શીફટમાં કામ કરવાથી માંડીને સરકારી કાર્યક્રમોના બંદોબસ્તમાં ફરજ બજાવી ચુકયા છે. તેમના કેટલાક જન્મદિવસ તો મિત્રોએ ફરજ સ્થળે આવીને રોડ પર જ ઉજવ્યો છે જયારે તેમના પોતાના લગ્ન માટે પણ તેઓ માત્ર સાત જ દિવસની રજા મેળવી શકયા હતા. વર્ષ ૨૦૧૪થી તેઓ સે-૭ પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ વેરિફિકેશન, જોબ વેરિફિકેશન, વિદેશી નાગરિકના વેરિફિકેશન, ઓનલાઈન સીટીઝન પોર્ટલ અંગે જાગૃતિ આપવા સાથે ભાડા કરાર વેરફીકેશન, રેલી-ધરણાં-વીઆઈપી બંદોબસ્ત જેવી જવાબદારી સંભાળી રહ્યા છે. અને વર્ષ ૨૦૧૮માં ૫૨૦૦ જેટલા પાસપોર્ટ વેરિફેકશન સાથે જિલ્લામાં સૌથી વધુ પાસપોર્ટિંગનું સન્માન પણ પ્રાપ્ત કરી ચુકયા છે. પોતાની સર્વિસ બુકમાં ગુડસર્વિસની નોંધ પ્રાપ્ત કરનાર હસમુખ આસુન્દ્રાની બદલી પણ તેમના અધિકારી કેન્સલ કરાવી ચુકયા છે. સમગ્ર પરીવારની જેમ મેરિટમાં સ્થાન મેળવનાર હસમુખ આસુન્દ્રા માને છે કે, 'જો તમે તમારી મહેનતથી પ્રતિભા વિકસાવી મેરિટમાં સ્થાન મેળવો તો અનામત કવોટા નામની હાથ ઘોડીનો સહારો લેવાની જરૂર જ નહી પડે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com